# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધી ઉંધાડ** વાંચે છે.

---

-------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# TAPI GOVERNOR REPUBLIC DAY

તાપી જિલ્લાના વાલોડ તાલુકામાં 76મા પ્રજાસત્તાક દિવસની રાજ્યકક્ષાની ઉજવણી કરાઇ. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ત્રિરંગો ફરકાવ્યો. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. ધ્વજવંદન બાદ રાજ્યની કલા અને સંસ્કૃતિને પ્રસ્તુત કરતાં આકર્ષક ટેબ્લો રજૂ કરાયા હતા. આ ઉપરાંત સાંસ્કૃતિક કાર્યક્રમો, માર્ચ પાસ્ટ, ડોગ-અશ્વ શો સહિત જવાનોના અવનવા કરતબોએ પ્રેક્ષકોને અચંબિત કર્યા હતાં.

ગુજરાત પોલીસના 225 કલાકાર કર્મીઓએ હાલાર રાસ સહિતની અનેક કૃતિઓ રજૂ કરી હતી. ત્યારબાદ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન કરનારને રાજ્યપાલે ટ્રોફી આપી સન્માનિત કર્યા.

. . . . . . . . . . . . .

# Republic Day – All --1

રાજ્ય સહિત દેશભરમાં 76માં પ્રજાસત્તાક પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ રહી છે ખેડા જિલ્લાનાં કપડવંજ કોલેજ ગ્રાઉન્ડ ખાતે રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં 76માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી.

રાજકોટ જિલ્લા કક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી કોટડા સાંગાણીમાં કૃષિ મંત્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં કરવામાં આવી. જ્યારે શહેર કક્ષાની ઉજવણી ચૌધરી હાઈસ્કૂલ ખાતે દેશભક્તિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ.

ભરૂચ જિલ્લા કક્ષાની દૂધધારા ડેરી ગ્રાઉન્ડ ખાતે 76મા પ્રજાસત્તાક પર્વની ઉલ્લાસભેર ઉજવણીમાં રાજ્ય કક્ષાના મંત્રી કુંવરજી હળપતિના હસ્તે ધ્વજવંદન કરાયું. ધ્વજવંદન કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જિલ્લાવાસીઓએ જોડાઈને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.

*(બાઈટ – કુંવરજી હળપતિ)*

મહીસાગર જિલ્લામા 76માં પ્રજાસત્તાક પર્વની શાનદાર ઉજવણી સંતરામપુરના આઝાદ મેદાન ખાતે જિલ્લા કલેકટર નેહા કુમારીની અધ્યક્ષતામાં કરવામાં આવી.

સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકામાં કલેકટર કે.સી.સંપટનાં અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

છોટાઉદેપુરના જેતપુર પાવી ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરાઈ. રાજ્યમંત્રી ભીખુસિંહ પરમારે ધ્વજવંદન કરી પરેડની સલામી ઝીલી હતી અને તાલુકાના વિકાસ માટે મંત્રીશ્રીએ તાલુકા વિકાસ અધિકારીને ૨ લાખ ૨૫ હજાર રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો...1

# Republic Day – All --2

વલસાડમાં વાપી ખાતે જિલ્લા કક્ષાના 76માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે નાણામંત્રી કનુભાઈ દેસાઈએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો. જિલ્લાના વિકાસ માટે 25 લાખ રૂપિયાનો ચેક શ્રી દેસાઈના હસ્તે કલેકટરને અર્પણ કરાયો.

ડાંગ જિલ્લાના સુબિર ખાતે 76 મો પ્રજાસત્તાક પર્વ ઉજવાયો. જેમાં જિલ્લાના ઇન્ચાર્જ કલેક્ટર બી.બી. ચૌધરીએ તેમના પ્રજાજોગ સંબોધનમાં લોકોને વહિવટી તંત્ર વતી પ્રજાસત્તાક પર્વની શુભકામના પાઠવી અને ઉજ્જવળ ભવિષ્યના આશીષ પાઠવ્યા હતા.

જામનગર જિલ્લા કક્ષાનાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે વનમંત્રી મૂળુભાઈ બેરા ઉપસ્થિત રહ્યાં હતાં. અને લોકોને શુભેચ્છા પાઠવી હતી.

*(બાઈટ – મૂળુ બેરા, વનમંત્રી)*

76માં પ્રજાસત્તાક દિવસની શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધ ઉદ્યોગ શાળામાં પણ ભવ્ય ઉજવણી કરવામાં આવી.

આજનાં 76માં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે ગુજરાત કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે પણ શુભકામના પાઠવી હતી.

*(બાઈટ –* શક્તિસિંહ ગોહિલે*)*

**બોટાદના સાળંગપુરધામમાં કષ્ટભંજનદેવને તિરંગાનો શણગાર કરવામાં આવ્યો. દાદાના શણગાર અને આરતી દર્શનનો લ્હાવો હજારો ભકતોએ લીધો હતો.**

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR LAVJIBHAI

સુરેન્દ્રનગરના રહેવાસી ટાંગલીયા કળાના કારીગર લવજીભાઇ પરમારને પદ્મશ્રી પુરસ્કારની આપવાની જાહેરાત કરાઇ છે. તેઓએ 40 વર્ષ સુધી સંઘર્ષ કરી અંદાજે 700 વર્ષ જૂની ટાંગલીયા કળાને જીવંત રાખી છે. પદ્મશ્રી પુરસ્કાર આપવાની જાહેરાત બાદ તેઓએ તેમની પ્રતિક્રિયા આ મુજબ આપી.

**(બાઈટ: લવજીભાઈ પરમાર – વઢવાણ )**

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................